# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ.

રેફ:કયુ/પરીપત્ર/ફી/૨૦૨૧/ ૩૬૨૨
તા:૦૩/૦૭/૨૦૨૧

**વિષય : ગતવર્ષની ફી કેરી ફોરવર્ડ કરવા બાબત.**
**સંદર્ભ : માન.કુલપતિશ્રીની તા:૦૨/૦૭/૨૦૨૧ પરની નોધ.**

**પરિપત્રઃ ૨૩**

આથી યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનો, કોલેજો અને સંસ્થાઓના વડાશ્રી/આચાર્યશ્રીઓને જણાવવાનું કે, કોરોના (Covid-19)ની વૈશ્વિક મહામારીને કારણે ઉદ્દભવેલ પરિસ્થિતિ અનુસંધાને વિદ્યાર્થીઓને રમત ગમત તથા સાંસ્કૃતિક, કોમ્પ્યુટર વગેરે આ પ્રકારની કોઇ પણ પ્રવૃતિઓ ગત વર્ષમાં કરાવવામાં આવેલ નથી. આવી વિપરીત પરીસ્થિતિમાં વિદ્યાર્થીઓને આર્થિક ભારણ ન થાય તે આશયથી ગતવર્ષના વિદ્યાર્થીઓની ટયુશન ફી, એનરોલમેન્ટ ફી, યુનિવર્સિટી અને કોલેજ ડિઝિટલ ફી, ફાઉન્ડેશન ફી, ઇન્ટરનલ પરીક્ષા ફી, એડમિશન પ્રોસેસ ફી સિવાયની તમામ ફી જેવી કે, **રમત ગમત તથા સાંસ્કૃતિક (કોલેજ/યુનિવર્સિટી), કોમ્પ્યુટર લેબ ફી, લાયબ્રેરી ફી, ડેવલોપમેન્ટ ફી** આ વર્ષ માટે કેરી ફોરવર્ડ કરવાની રહેશે. આ નિયમ કોરોનાની પરીસ્થિતિને ઘ્યાને લઇ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે જ લાગૂ કરવામાં આવેલ છે. જેનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.

**નોધઃ– પ્રેકિટકલ લેવામાં આવેલ ન હોય તો તે ફી કેરી ફોરવર્ડ કરવાની રહેશે.**

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**

પ્રતિ,

(૧) માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.
(૨) ડીનશ્રી, તમામ વિદ્યાશાખા, કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.
(૩) વડાશ્રી, તમામ અનુસ્નાતક ભવન, કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.
(૪) તમામ આચાર્યશ્રી, તમામ સંલગ્ન કોલેજો, કચ્છ યુનિવર્સિટી,ભુજ તરફ.
(૫) પરીક્ષા નિયામકશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.
(૬) સિસ્ટમ એન્જીનીયર, કોમ્પ્યુટર વિભાગ, કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.
(૭) વિદ્યાથી શાખા, કચ્છ યુનિવર્સિટી,ભુજ તરફ.
(૮) ઓએસડી (ફાઇનાન્સ), એકાઉન્ટ વિભાગ, કચ્છ યુનિવર્સિટી,ભુજ તરફ.